# દેશભરમાં કોંગ્રસના કુશાસન સામે રોષ ભભૂક્યો છે : મોદી

## ગરીબો અને વંચિતો તેમજ આદિવાસી લોકોને વોટ બેંકનું રમકડુ સમજતી કોંગ્રેસને જાકારો આપવાની મોદીની અપીલ : મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા

અમદાવાદ, તા.૨૦

ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રી પદના ઉમેદરવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે કોંગ્રેસની વર્તમાન કેન્દ્ર સરકાર સામે દેશ આખાની જનતામાં રોષની આગ ભભૂકી ઉઠી છે જે આવનારી ચૂંટણીઓમાં કોંગ્રેસને ઘર ભેગી કરી શકે. નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીઓના ચૂંટણી પ્રચાર અભિયાનમાં આજે શાહડોલ, સિંગરોલી, સતના અને જબલપુરમાં એમ ચાર-ચાર વિશાળ જનસભાઓમાં જનતા જનાર્દનને આહવાન કર્યુ હતું કે, હાથ બતાવી હાથ મિલાવી હાથફેરો કરનારા પ્રજાને લૂંટી લેનારા કોંગ્રેસના શાસનને હવે જાકારો આપી વિકાસવાદની રાજનીતીથી સૌને સાથે રાખી સૌના વિકાસ માટે પ્રતિબધ્ધ ભાજપના કમળને ખિલવીને જ મધ્યપ્રદેશ અને સમગ્ર ભારતમાં સુરાજ્ય લાવી શકાશે. મુખ્યમંત્રીએ ગરીબો આદિવાસીઓની પચાસ-પચાસ વર્ષ સુધી અવદશા કરનારી કોંગ્રેસી સરકારોને આડે હાથ લેતાં કહ્યું કે કોંગ્રેસ માટે આદિવાસી ગરીબ ગ્રામીણ પ્રજા વોટબેન્કનું અને સત્તા મેળવવાનું એક સાધન જ છે.

દિવસમાં ૫૦ વાર ગરીબોનું નામ લેવાથી ગરીબો પ્રત્યે હમદર્દી નહીં જગાવી શકાય ગરીબો, આદિવાસીઓને વિકાસના રાહ પર લાવવાની નિયત હોવી જોઈએ. આ સંદર્ભમાં તેમણે મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ચૌહાણે પછાતવર્ગોના ઉત્કર્ષ અને કલ્યાણ સહિત આદિવાસી બાળકો માટે દૂર-દરાજ ક્ષેત્રોમાં મેડિકલ ઈજનેરી કોલેજો શરૂ કરવા જેવા અનેક વિકાસકામોની તલસ્પર્શી છણાવટ કોંગ્રેસના શાસન સાથે કરી હતી. નરેન્દ્ર મોદીએ એમ જણાવ્યું કે ગરીબો વંચિતો આદિવાસીઓના નામે મતબેન્કની રાજનિતી કરનારી અને સત્તા ભોગવટો કરનારી કોંગ્રેસે જે નથી કર્યું તે અટલજીની એનડીએ સરકારે આદિવાસીઓ માટે અલગ મંત્રાલય વિકાસનું અલાયદું બજેટ ફાળવીને કરી બતાવ્યું છે.

"અમારા માટે આદિવાસી-વંચિત ગ્રામીણ પ્રજા સત્તા સુધી પહોંચવાનું માધ્યમ નથી અમારે તેમના સાચા વિકાસથી સુરાજ્યની દિશા બતાવવી છે" એમ પણ તેમણે જણાવ્યું હતું. મધ્યપ્રદેશ સહિત ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકારોએ વંચિતો ગરિબો આધિવાસીઓની ભલાઈ માટે કરેલા શ્રેણીબધ્ધ કાર્યો અને યોજનાઓની સફળતાનો અભ્યાસ કરવા મોદીએ દેશના અર્થશાસ્ત્રીઓ અને રાજકીય પંડિતોને અનુરોધ કર્યો હતો.

તેમણે ઉમેર્યં હતું કે ગરીબ કલ્યાણલક્ષી કામોના તમામ પેરામિટર્સમાં ભાજપા શાસિત રાજ્યો જે મોખરે રહ્યા છે. કોંગ્રેસના કુસાસનના પંજામાંથી મધ્યપ્રદેશ મુક્ત રહ્યું છે એટલે જ કોંગ્રેસના બિમારૂ રાજયમાંથી ભાજપા શાસનમાં વિકાસની રફતારથી દોડતું પ્રગતિશીલ રાજ્ય બન્યું છે તેનું શ્રેય ભાજપાના લક્ષ્યાવધિ કાર્યકરો અને મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વને આફતાં નરેન્દ્ર મોદીએ સુશાસન, રોજગારી સલામતી અને સર્વાંગી વિકાસ માટે ફરીએકવાર ભારતીય જનતા પાર્ટીનું કમળ મધ્યપ્રદેશમાં ખિલવવાની અપીલ પણ કરી હતી.

# જાસુસી પ્રકરણમાં સુપ્રીમ જજ દ્વારા તપાસની માંગણી

## જ્યાં સુધી ચકાસણી પુરી નહીં થાય ત્યાં સુધી નરેન્દ્ર મોદી મુખ્યમંત્રીથી દૂર રહે : પ્રદેશ કોંગ્રેસની જોરદાર માંગણી

અમદાવાદ, તા.૨૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને પૂર્વ ગૃહરાજ્યમંત્રી અમિત શાહને સંડોવતા એક મહિલાના કથિત જાસુસી પ્રકરણની સુપ્રિમ કોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસ કરાવવા તથા જ્યાં સુધી આ ન્યાયિક તપાસ પુરી ન થાય ત્યાં સુધી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી પદનો ત્યાગ કરવો જોઈએ તેવી કોંગ્રેસ પક્ષે આજે જોરદાર માંગણી કરી હતી.

રાજ્ય વિધાનસભાના પૂર્વ વિપક્ષી નેતા અને કોંગ્રેસના અગ્રણી શક્તિસિંહ ગોહિલે આજે એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રીએ જાતે આ પ્રકરણનો પ્રમાણિકતાથી જનતા સમક્ષ ખુલાસો કરવો જોઈએ. જો તેઓ ખુલાસો નહિ કરે તો સંબંધિત મહિલા કે તેના પરિવારના સભ્યોને ગાંધીનગર ગ્રીડ પ્રોજેક્ટ કે જે સોલાર એનર્જી માટેનો છે તેનો કોઈપણ જાતના ટેન્ડર વગર કરોડોનો કોન્ટ્રાક્ટ આપી સમાધાન પરિસ્થિતિ ઉભી કરવામાં આવી છે તેનો પર્દાફાશ કરવાની કોંગ્રેસને ફરજ પડશે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ કોઈના ચારિત્રહનન કે વ્યક્તિગત અંગત આક્ષેપોમાં માનતો નથી પરંતુ જે રીતે ગુજરાતના ભયંકર ગુનાહિત કૃત્ય કર્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી અને જે તે વકથના ગૃહમંત્રી અમિત શાહને ભાજપ દ્વારા ખોટી રીતે છાવરવામાં આવે છે ત્યારે ચોરી અને ઉપરથી સીનાચોરી કરતા ભાજપના આ વલણ સામે કેટલીક સત્ય હકીકતો, કાયદાકીય પરિસ્થિતિ અને ગુનાહિત બાબતો અંગે પ્રેસ મીડિયાને સંબોધન કરવું કોંગ્રેસ પાર્ટી માટે જરૂરી બન્યું છે. ભાજપે કોઈ બચાવ ન મળતો હોવાથી શામ, દામ, દંડ, ભેદ વાપરીને મહિલાના પિતા પાસે મારે ફરિયાદ કરવી નથી અને આ ગુનાની આગળ કોઈ તપાસ કરવી નહીં તેવો વજુદ વગરનો પત્ર લખાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડમાં સીધા માંડવાળ થઈ શકે, ન્યાયાલયની મંજુરીથી માંડવાળ થઈ શકે અને માંડવાળ ન જ થઈ શકે તેવા ગુનાહોનું સંપૂર્ણ પ્રકરણ આપવામાં આવેલ છે. સીઆરપીસીના કાયદાની સ્પષ્ટ જોગવાઈ મુજબ ટેલીફોન ટેપીંગ, કોઈપણ જાતની લૈખિત મંજુરી વગર પોલીસના તંત્રના દુરુપયોગથી થતી જાસુસી, સરકારીતંત્રનો ગેરકાયદેસર દુરૂપોયગ, નિર્દોષને લાંબા સમય સુધીની જેલમાં રાખવું કાવતરું કોઈ પણ રીતે માંડવાળ થઈ શકતા નથી. આ સંજોગોમાં ફરીયાદી પોતે ફરિયાદ કરવા માંગતા નથી કે તપાસ કરાવવા માંગતા નથી. એમ કહેવાથી ગુજરાતમાં મુખ્યમંત્રીના ઈશારે બનેલો ગંભીર ગુનો માંડવાળ થઈ શકતો જ નથી.

જો મહિલાને કોઈપણ વ્યક્તિ તરફથી પરેશાની થતી હોય અને મુખ્યમંત્રી પાસે કોઈ ફરીયાદ કરે તો મુખ્યમંત્રીની જવાબદારી છે કે ફરિયાદીની લૈખિક ફરિયાદ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવીને પરેશાન કરનાર વ્યક્તિને જેલ ભેગી કરવી જોઈએ. આવું કોઈ પગલું ભરવાના બદલે સમગ્ર પ્રજાના રક્ષણ માટેના તંત્રને ગેરકાયદેસર જાસુસી માટે કામે લગાડવાનું કે કેવી રીતે વ્યાજબી ઠેરવી શકાય ? કોઈ પણ નિર્દોષ વ્યક્તિને વ્યક્તિગત કારણોસર જેલમાં નાખવા માટે કોઈ પોલીસ અધિકારીને કહેવું તે ગુનાહિત કાવતરું બને છે, અને આ પ્રકારના કાવતરામાં જવાબદાર ગુનેગારો કડક સજા માટે જવાબદાર બને છે. ટેલીફોન ટેપિંગમાં જે તે સમયના ગૃહમંત્રી એક નિર્દોષ વ્યક્તિને વણઝાર જેલમાં છે તેના કરતા પણ વધારે સમય જેલમાં રાખવો છે તેવું જણાવે છે તે અત્યંત ગંભીર ગુનો બને છે.



ક્રાઈમ બ્રાંચ દ્વારા દાણીલિમડા મર્ડર કેસના તમામ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

# આધેડની કરપીણ હત્યાનો ભેદ ઉકેલાયો : ચાર ઝબ્બે

અમદાવાદ, તા.૨૦

અંદાજે પચ્ચીસ એક દિવસ અગાઉ દાણીલીમડા વિસ્તાર પાસેના જુના સોમનાથ મંદિર તરફના રોડ પર ભેદી સંજોગોમાં કરાયેલ આધેડની હત્યાનો ગુનો અંતે ક્રાઈમબ્રાન્ચે ઉકેલી કાઢ્યો છે. આ હત્યા પાછળના ચાર ઈસમો નીઝામ ઉર્ફે શાહરૂખ ઉર્ફે સીદ્ધપુ યાકુબભાઈ ઝાલોરી (ઉ. ૨૪) શાહરૂખ સલીમભાઈ શેખ (ઉ.૨૦), શફીક ઉર્ફે ચીના પીર મોહમ્મદ મેવાતી (ઉ. ૩૨) અને ઈકબાલ રઝાકભાઈ મણીયારને પકડી પડાયા હતા. તેમજ આરોપીઓની રીક્ષા (જીજે-૧-સીઝેડ-૯૮૫) પણ કબજે કરેલ છે. ચારેય ઈસમોએ ભેગા મળીને મરનાર તુલસીરામ અન્નુ કદમને (ઉ. ૫૫) ટોલનાકાથી શાસ્ત્રી બ્રીજ થઈને જુના સોમનાથ મંદિર તરફના રોડ પર લઈ જઈને લૂંટ ચલાવી ચપ્પાના ઘા મારી હત્યા કરી દીધી હતી. ત્યારબાદ તેઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. તેમજ લૂંટ દરમ્યાન મળેલ રૂપિયા છ હજારને ચારેયે રૂ. ૧૫૦૦ને સરખે ભાગે વહેંચી લીધા હતા. આરોપીઓની પૂછપરછ જાણવા મળ્યું હતું કે ચારેય જણા ભેગા મળીને અગાઉ પણ સરખેજથી સાણંદ તરફના રસ્તા પરથી પેસેન્જરોને રીક્ષામાં બેસાડીને જે તે જગ્યાએ લઈ જઈને લૂંટ ચલાવતા હતા.

# કોંગ્રેસીઓ બેશર્મીની તમામ હદને વટાવી દીધી છે : ફળદુ

## જનસમર્થન ગુમાવી ચુકેલા કોંગ્રેસી નેતાઓ નિવેદનો દ્વારા તેમની માનસિક સ્થિતિ છતી કરે છે : ભાજપનો પ્રવાહ

અમદાવાદ, તા.૨૦

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ કોંગ્રેસના સ્થાનિક અને કેન્દ્રીય નેતાઓ દ્વારા ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રીપદના ઉમેદરવાર અને લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપા વિરૂદ્ધ તાજેતરમાં કરેલા બેફામ ઉચ્ચારણો અને નિવેદનો સમક્ષ ઉગ્ર રોષ પ્રકટ કરતા જણાવ્યું હતું કે યેનકેન પ્રકારેણ સતત માધ્યમોમાં ચમકતા રહેવાની નિમ્ન માનસિકતા ગુજરાતના અને કેન્દ્રના હાંસિયામાં ધકેલાઈ ગયેલા કોંગ્રેસી નેતાઓની વર્ષોની તાસીર રહી છે.

બેશર્મીની હદ વટાવી ચૂકેલા કોંગ્રેસી નેતાઓને તેમનો ભૂતકાળ યાદ કરાવતા ફળદુએ કોંગ્રેસના ચારિત્યની ઉદાહરણરૂપ એક ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ગુજરાતમાં જે કોંગ્રેસીનેતા વિરૂદ્ધ ભ્રષ્ટાચાર લાંબુ-લચક આવેદનપત્ર આપેલ તેવા શંકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડીયાના મોઢે ભાજપની વાત શોભતી નથી. અન્યના વાંક દેખા લોકોએ ભૂલી જાય છે કે તેમના અઢાર વાંકા છે. તેમના ભૂતકાળના આવા વાણી-વર્તનના વ્યવહારને લઈને ક્ષુબ્ધ બનેલી ગુજરાતની જનતાએ તેમને અનેકવાર લોકશાહી પ્રક્રિયાના માધ્યમથી ચૂંટણીઓમાં પરાયજનો સ્વાદ ચખાડેલો છે. જનતા જનાર્દન દ્વારા પુનઃ અસ્વીકૃત થયેલા અને પર્જામાનસમાં તેમના પ્રત્યે ધિક્કારની લાગણી પેદા થયેલ હોવા છતાં આ કોંગ્રેસી નેતાઓની હજી આંખ ઉઘડતી નથી.

# પાસપોર્ટ અરજી વેરીફીકેશન માટે એસએમએસ સેવા શરૂ

## અમદાવાદ પોલીસ તંત્રનો નવતર પ્રયોગ : પાસપોર્ટની અરજીઓની વેરીફીકેશનની પ્રક્રિયાને ઝડપી બનાવાશે

અમદાવાદ, તા.૨૦

શહેરના પોલીસતંત્ર દ્વારા અરજદારોની પાસપોર્ટની અરજીના ઝડપી વેરીફીકેશન માટે એસએમએસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. અરજદારો પાસપોર્ટ ઝડપથી મળી જાય અને ધક્કા ન ખાવા પડે તે હેતુથી પોલીસ કમિશનરની કચેરી ખાતે આવેલ વિશેષ શાખાના પાસપોર્ટ વિભાગમાં આ વિશિષ્ટ એસએમએસ સેવા શરૂ કરવામાં આવી છે.

આ સેવા હેઠળ પાસપોર્ટની અરજી વેરીફીકેશન માટે સંલગ્ન પોલીસ સ્ટેશન મોકલવામાં આવે તે દરમિયાન અરજદારે તેની અરજીમાં આપેલ મોબાઈલ નંબર ઉપર વિશેષ શાખા તરફથી આ અંગેનો એસએમએસ મોકલવામાં આવે છે.

જેમાં અરજદારને તેના સંલગ્ન પોલીસ સ્ટેશન ખાતે આ અંગેની કામગીરી કરતા પોલીસ કર્મચારીનું નામ અને મોબાઈલ નંબરની માહિતી મોકલી આપવામાં આવે છે. જેથી અરજદાર જેતે પોલીસ કર્મચારીનો સંપર્ક કરી સુવિધા મુજબ પોતાની વેરીફીકેશનની કામગીરી સત્વરે પુરી કરાવી શકે. આજ પ્રમાણે જ્યારે પોલીસ સ્ટેશન તરફથી વેરીફીકેશન થઈ પાસપોર્ટની અરજી પરત વિશેષ શાખા ખાતે મળે ત્યારે તેની કાર્યવાહી પૂર્ણ કરી, પાસપોર્ટ ઓફીસે બીજા જ દિવસે અભિપ્રાય સાથે પરત મોકલી આપવામાં આવે છે.

આ સુવિધા હેઠળ વેરીફીકેશન બાદ આરપીઓ કચેરીમાં મોકલવામાં આવ્યા પછી પણ અરજદારને એસએમએસ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# ટોસ્કોડની નિષ્ક્રિયતા અંગે કોઈ કામગીરી નથી કરાઈ


## ટ્રાફીકની સમસ્યા હલ કરવા શરૂ કરેલી હેલ્પલાઈન માત્ર શોભાના ગાંઠીયા સમાન બની રહેશે : આયોજનનો અભાવ

અમદાવાદ, તા.૨૦

વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ત્રીજાક્રમના અમદાવાદ શહેરમાં વારંવાર સર્જાતી ટ્રાફીકજામની સમસ્યા નિવારવા અર્થે શહેર ટ્રાફીક શાખા દ્વારા જાહેર જનતા માટે ટ્રાફીક હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે પરંતુ ટેકનિકલ રીતે વિચારીએ તો આ હેલ્પલાઈન ટ્રાફીક નિવારવા ઓછી મદદરૂપ થશે.

કેમ કે ટ્રાફીક જામની સમસ્યા મુખ્યત્વે ટ્રાફીક પોલીસનો અપૂરતો સ્ટાફ ખાનગી તેમજ સરકારી વાહનો દ્વારા થતા આડેધડ વાહન પાર્કમાં ટો-સ્કોડની નિષ્ક્રિય ભૂમિકા ઉપરાંત ટ્રાફીક પોલીસની નિષ્ક્રિય કામગીરીથી ટ્રાફીક જેવી સામાન્ય સમસ્યા ગંભીર બની છે જો આ ત્રણેય પાસા પર વિચાર કરવામાં આવે તો ટ્રાફીક સમસ્યા ઝટ હલ થઈ જાય પરંતુ ટ્રાફીક શાખા ટ્રાફીક નિવારણ માટે જે દિશામાં પગલા લેવા જોઈએ જે ખામીઓ છે તેને પૂરી કરવા અર્થે કોઈ કાસ કામગીરી કરતી નથી. સુત્રોની જાણકારી અનુસાર ટ્રાફીકજામ દુર કરવા ટ્રાફીક હેલ્પલાઈન નંબર ૧૦૯૫ પર કોલ કરવાથી વિભાગના અધિકારીઓ જે તે જગ્યાએ થયેલ ટ્રાફીક જામની પરિસ્થિતિ દૂર કરવા તાત્કાલીક જે તે પોલીસકર્મીને આ અંગે જાણ કરી તેડાવશે. પણ આ પ્રકારની કામગીરી પ્રેક્ટિકલ રીતે થવી મુશ્કેલ છે ધારી લો કે ટ્રાફીક હેલ્પલાઈન પર ટ્રાફીક જામ અર્થે ફોન આવે ત્યારબાદ અધિકારીઓ સંલગ્ન અધિકારીઓને ફોન કરે પછી સંલગ્ન અધિકારીઓ સ્પોટ પર પહોંચે ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન ટ્રાફીકજામની પરિસ્થિતિ વધુ વણશી શકે છે. જો પુરતો ટ્રાફીક સ્ટાફ હોય તો સ્પોટ પર થયેલ ટ્રાફીક જામને દૂર કરવા તાત્કાલીક પગલા ભરી શકાય પણ ટ્રાફીક શાખામાં વર્ષોથી પૂરતો ટ્રાપીક સ્ટાફ નથી ઉપરાંત ટો-સ્કોડની પણ નિષ્ક્રિય કામગીરી છે.

## શબ્દાવલી - ૫૨૩૩



### આડી ચાવી

૧. રેલી, શોભાયાત્રા (૪)
૪. પુનમ પહેલાની તિથી (૪)
૭. દાન કે પૈસા વગર (૩)
૯. મોકો, તક (૨)
૧૦. એક પંખીની જોડ જે જુદી પડે તો ઝૂરી ઝૂરીને મરી જાય (૬)
૧૧. ધાર કાઢવાનું યંત્ર કે સાધન (૩)
૧૬. દુર્યોધનના મામા શકુનિ (૬)
૧૭. હિન્દી ફિલ્મમાં... વિલનનો રોલ કરે છે (૨)
૧૮. ચાકડો (૨)
૧૯. પરસ્પર (૬)

### ઊભી ચાવી

૧. કસરત તથા જાનવરોનો તમાસો-ખેલ (૪)
૨. ભયંકર યુદ્ધ (૪)
૩. યાત્રા (૩)
૫. દલાલી કરનાર (૩)
૬. ચુલો, ગેસની.... (૩)
૮. 'તપાસ' શબ્દ આડોઅવળો (૩)
૧૨. પાટનગર (૪)
૧૩. ફિલ્મ-નાટકમાં ઘણા અભિનેતા... અભિનય કરે છે (૪)
૧૪. પત્તા (૨)
૧૫. ખુબ તોફાની, તોફાની... (૪)
૧૬. શેરડી (૩)
૧૮. '૪'ની સંખ્યા શબ્દમાં (૨)

### શબ્દાવલી ૫૨૩૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઈનકાર (૩) વખત (૬) અધુરપ (૭) રાબડીદેવી (૮) રવ (૧૨) તતડાવવું (૧૪) મહેતલ (૧૫) ઈલુ (૧૬) કાન (૧૭) સામો (૧૯) રજો (૨૧) મત (૨૨) ટકોર

**ઊભી ચાવી :-** (૧) ઈકરાર (૨) કાપડીયો (૩) વધુ (૪) ખરવું (૫) તપ (૬) અવિરત (૯) વડાઈ (૧૦) નવુ (૧૧) મહેનત (૧૨) તલસાટ (૧૩) વલુર (૧૪) મકામ (૧૮) મોકો (૨૦) જોમ

### ગટરના પાણીથી ખેતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામે પણ મોટો ખતરો ઉભો થયો છે. ન્યૂ ગાંધીનગરનો વિસ્તાર ગમે ત્યારે જીવલેણ રોગચાળામાં સપડાય તેવી દહેશત છે. મુંબઈ સહીત મહારાષ્ટ્રમાં આ પ્રકારની દૂષિત પાણીની ખેતીના લીધે કેન્સર જેવી જીવલેણ બિમારી થતી હોવાની વાત પણ પ્રકાશમાં આવી છે. ત્યારે બેરોકટોક થતી આ પ્રવૃત્તિના લીધે જનઆરોગ્ય જોખમમાં મુકાવવાની સાથે ગંદકી અને દુર્ગંદયુક્ત વાતાવરણે ગુંગણામણ ઉભી કરી છે. આ મામલે સી.આર.પી. એસોસિએટસ સહીત અન્ય જાગૃત નાગરિકો વખતોવખત તંત્ર સમક્ષ રજૂઆત કરી છે ત્યારે આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે પાટનગર યોજના ભવન દ્વારા ત્વરિત પગલા લેવાય તેવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. બીજીતરફ જનઆરોગ્યને લઈ આરોગ્યતંત્ર પણ હજુ સુધી હરકતમાં આવ્યું નથી.

### બાળકોના જાતિ પ્રમાણમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ ૨૦૦૧માં બાળકોમાં સૌથી ઓછું જાતિ પ્રમાણ માણસા તાલુકામાં હતું. તે ૭૭૪ હતું જે ૨૦૧૧માં સુધરીને ૮૨૩ પર પહોંચ્યું છે. તો આ પછી ગાંધીનગર તાલુકો હતો જેમાં ૨૦૦૧માં ૭૯૫ નું પ્રમાણ હતું તેમાં સુધારો થઈ ૨૦૧૧માં ૮૪૦ પર પહોંચ્યો છે. કલોલમાં ૨૦૦૧માં આ પ્રમાણ ૮૧૭ હતું તે ૨૦૧૧માં ૮૪૭ પર પહોંચ્યું છે. દહેગામમાં ૮૭૬ હતું તેમાં સૌથી ઓછો સુધારો થયો છે. અને આ સુધારો માત્ર ૩ જ જણાયો છે જે સુધરીને ૮૭૯ થયો છે.

જિલ્લામાં જાતિ પ્રમાણ દરમાં આ સુધારો વધુ અસરકારક બને તે માટે હવે જેના ઘરે દિકરી જન્મે તેનું પંચાયત દ્વારા સન્માન કરવા ઉપરાંત બાળકીના નિયમિત હેલ્થ ચેકિંગ સહિતના વિવિધ પગલાંઓ સઘન બનાવવા માટે આરોગ્યતંત્રએ કવાયત હાથ ધરી છે.

જિલ્લામાં છેલ્લા દસકામાં જાતિ પ્રમાણમાં નોંધાયેલ સુધારની સાથે સાથે સંસ્થાકીય પ્રસુતિના દરમાં પણ સુધારો થયો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્ર એ હવે દરેક ગામની ગ્રામ પંચાયતમાં પણ જાતિ પ્રમાણ દર દર્શાવવા માટે સરપંચોને વિશેષ આગ્રહ કર્યો હોવાનું પણ જાણવા મળેલ છે. આ ઉપરાંત ગ્રામસભા અભિયાન વેળાએ પણ આ પરિવારોનું જાહેર સન્માન કરવાની નીતિ તૈયાર કરવાની દિશામાં કવાયત ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

### વિશેષ અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. તો બીજી બેંકો દ્વારા પણ આગામી એક-બે દિવસમાં આ અભિયાનના શ્રી ગણેશ કરવામાં આવનાર છે.

બાળકોમાં બચતના સંસ્કારનું સિંચન થાય તે માટે તેમને માટે ખાસ પાસબુક તૈયાર કરવામાં આવી છે તેમજ શાળા કક્ષાએ જ તેનું સંચાલન થાય તેવી નવતર બાળ-શાખાઓ પણ શરૂ કરવાની વાત રોડ મેપમાં સમાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

# પ્રહાલદસિંગ જોરાવરખાન ૭ દિવસના રિમાન્ડ પર

## મેટ્રોપોલિટન કોર્ટે આરોપીના રિમાન્ડ મંજુર કર્યા : પોલીસે ૧૪ દિવસ માટેના રિમાન્ડની કોર્ટમાં માંગણી કરી હતી

અમદાવાદ, તા.૨૦

શહેરના સીટીએમ ચાર રસ્તા પાસેથી રિવોલ્વર-પિસ્તોલ સહિત ૧૨ હથિયારો સાથે પકડાયેલા બે આરોપીઓ પ્રહલાદસિંગ ભદોરીયા અને જોરાવરખાન બલોચને રામોલ પોલીસે રિમાન્ડ અર્થે મેટ્રોપોલીટન કોર્ટમાં રજુ કર્યા હતા.

જ્યા પોલીસે આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી જેમાં કોર્ટે બંને આરોપીઓના સાત દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. આ કેસની વિગત એવી છે કે શહેરના સીટીએમ ચાર રસ્તા પાસેના બરોડા એક્સપ્રેસ હાઈવેના નાકાની બાજુમાં આવેલ બગીચામાંથી બાતમીના આધારે સેક્ટર-૨ સ્કવોર્ડ બે ઈસમો પ્રહલાદસિંગ ભદોરીયા અને જોરાવરખાન બલોચ પાસેથી બે પિસ્તોલ, બે રિવોલ્વર, આઠ દેશી તમંચા, છ કાર્ટીઝ મળી કુલ ૧૨ હથિયાર તેમજ બે મોબાઈલ સહિત કુલ ૧.૧૭ લાખનો મુદ્દામાલ ઝપડી પાડ્યો હતો. મધ્યપ્રદેશમાંથી ગુજરાતમાં ગેરકાયદે હથિયારની ઘુષણખોરી થવાની છે તેવી માહિતી સેક્ટર-૨ સ્કોડના પીએસઆઈ એચ.વી. સીસારા અને તેમની ટીમને મળી હતી. જેના હિસાબે બંને શખ્સોને પકડી પાડ્યા હતા. સેક્ટર-૨ સ્કવોર્ડના પોલીસકર્મીઓએ બંને આરોપીઓને રામોલ પોલીસના હવાલે કર્યા હતા. રામોલ પોલીસે બંને આરોપીઓના રિમાન્ડ મેળવવા અર્થે મેટ્રોપોલીટન કોર્ટમાં રજુ કર્યો હતો જ્યાં સરકારી વકીલે આરોપીઓને ૧૪ દિવસના રિમાન્ડ આપવા ખાસ દલીલો કરતા કહ્યું હતું કે ગેરકાયદે હથિયારોની ઘુષણખોરીમાં પ્રહલાદ ભદોરીયા મુખ્ય સુત્રધાર છે તેણે ગુજરાતમાં કોને-કોને હથિયાર વેચ્યા છે તેની સાથે બીજા અન્ય કોણ લોકો સંકળાયેલા છે. ઉપરાંત તેઓ પકડાયેલ ૧૨ હથિયારો કોને સપ્લાય કરવાના હતા તેની જાણકારી મેળવવાની છે તેમજ અન્ય આરોપી જોરાવરખાન ભૂતકાળમાં આર્મ્સ પોલીસમાંથી બદતરફ થયેલ છે પણ હથિયારોની ડીલ કરવામાં સંડોવાયો હોઈ તેની પુછપરછ પણ જરૂરી છે તેમજ ગુજરાતમાં ગેરકાયદે હથિયારોની ઘુષણખોરીમાં બીજા અન્ય કોણ લોકો આવી પ્રવૃત્તિમાં સંકળાયેલા તેની માહિતી આ બંને શખ્સોથી મળી શકે છે તેથી બંને આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડ મળવા જોઈએ કોર્ટે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી અને ગંભીર અપરાધ હોવાથી બંને આરોપીઓના સાત દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

### પ્રવાસન પથ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અડચણમાંથી મુકિત મળશે. જયારે અકસ્માતનું પ્રમાણ ઘટવાની સાથે રોડ સેફટી વધશે. માર્ગને ફોરલેન બનાવવાના આયોજનના અંતે ટ્રાફિકની ક્ષમતામાં વધારો થશે. પેથાપુર મહુડી માર્ગને ફોરલેન બનાવવા તંત્ર કક્ષાએથી ટેન્ડર પ્રકીયા હાથ ધરી દેવાઈ છે. ટૂંક સમયમાં કામ શરુ કરી દેવાશે. બીજી તરફ આ માર્ગને ફોરલેન બનાવવા ૧ હજાર જેટલા વૃક્ષોને જમીનદોસ્ત કરવા પડે તેવી સ્થિતિ છે. વૃક્ષો દૂર કરવા માટે માર્ગ મકાન વિભાગે વન તંત્રને અડધા કરોડથી વધુ વળતર ચુકવવું પડશે. માર્ગમાં આવતા ચઢાવ ઉતારનું પણ લેવલીંગ કરવાનું હોવાથી પ્રવાસનપથનું રોડ નેટવર્ક સુધારવાનું કામ વધુ ખર્ચાળ હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
સાફ-સફાઈ, ગાર્ડનીંગ અને સુપરવાઈઝર કામ માટે (લેડીઝ/જેન્ટ્સ) સમગ્ર ગુજરાત માટે
સંપર્ક
મો. ૯૩૭૪૧૫૩૯૯૦
મો. ૯૩૭૭૯૯૬૦૫૫
બોયડેટા સાથે રૂબરૂ મળો.
એ-૧૨, કોર્પોરેટ હાઉસ, પકવાન રેસ્ટોરન્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ